આપણો તાલુકો- વાઇબ્રન્ટ
તાલુકો બાબત.....
વિકસતી જાતિ કલ્યાણની યોજનાઓ.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૧-૧૦૪૫-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૫-૯-૨૦૧૧

વંચાણમાં લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૩!૪!૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃનઅપ/૧૦૨૦૧૧/૨૨૨/વસુતાપ્ર.૧
(૨) મહેસૂલ વિભાગનો તા. ૧૩-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃપફર/૧૦૨૦૧૧/૨૭૫/લ.૧
(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨-૯-૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃ વિજાક/મકમ/૨૦૧૧-૧૨/૨૩૯૭

આમુખ

તાલુકા કક્ષાના લાભાર્થીઓને જિલ્લા કક્ષાને બદલે તાલુકા કક્ષાએથી જરૂરી લાભો આપી શકાય તે માટે રાજ્ય સરકાર ધ્વારા 'આપણો તાલુકો - વાઇબ્રન્ટ તાલુકો' કાર્યક્રમને અમલમાં મુકવા તાલુકા કક્ષાએ 'જનસેવા કેન્દ્રો' ઉભા કરવાનો નિર્ણય સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : નઅપ - ૧૦૨૦૧૧- ૨૨૨ - વસુતાપ્ર - ૧ થી કરવામાં આવેલ છે.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે 'આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો' યોજના અંતર્ગત નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની આ સાથેના પત્રકમાં દર્શાવેલી ૨૨ યોજનાઓનો અમલ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, મહાનગર પાલિકા વિસ્તાર માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના નાયબ નિયામક (વિ.જા.) /

સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) અને નગરપાલિકા વિસ્તાર માટે મામલતદાર મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે.

આ અંગે અન્ય આનુષાંગિક બાબતો અંગે નીચે મુજબની સ્પષ્ટતાઓ / સુચનાઓ / આદેશો બહાર પાડવામાં આવે છે.

૧. 'આપણો તાલુકો - વાઇબ્રન્ટ તાલુકો' (ATVT) અંતર્ગત તબદીલ થયેલી યોજનાઓના અમલ માટે નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ ; નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, સમાજ સુરક્ષા હેઠળના તાલુકા / જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ સમાજ કલ્યાણ નિરીક્ષકોના મહેકમની એવી રીતે ફાળવણી કરવાની રહેશે જેથી દરેક તાલુકા કક્ષાના સેવા કેન્દ્ર માટે ઓછામા ઓછો એક સમાજ કલ્યાણ નિરીક્ષક ઉપલબ્ધ થાય. તાલુકા કક્ષાએ નિમાયેલ નિરીક્ષકોએ અનુસુચિત જાતિ કલ્યાણ , વિકસતી જાતિ કલ્યાણ તેમજ સમાજ સુરક્ષા કલ્યાણ એમ ત્રણેય ખાતાની તબદીલ થયેલ યોજનાઓની કામગીરી કરવાની રહેશે. તેમણે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી / મામલતદારના તાબા, નિયમન અને દેખરેખ (Command, Control and supervision) હેઠળ નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની રહેશે. તબદીલ થયેલ યોજનાઓ સિવાયની ખાતા હસ્તકની યોજનાઓની કામગીરી પણ સંબધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકોએ જ કરવાની રહેશે. તબદીલ થયેલા નિરીક્ષકો ઉપર શિસ્ત વિષયક કાર્યવાહી માટે જે તે નિયામક હસ્તક હાલની પ્રથા ચાલુ રહેશે.

૨. ગુજરાત સરકારના કામકાજના નિયમો (Rules of Business) ના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે પ્રભારી વિભાગ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ રહેશે.

3. નાણાકીય અને વહીવટી સત્તાઓના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે ખાતાના વડાની (Directorate) ભૂમિકા હાલની પ્રથા પ્રમાણે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ બજાવશે.

૪. તબદીલ થયેલ યોજનાઓનુ સ્વરૂપ અને ઢાંચો આ યોજનાઓ અંગે વખતો વખત થયેલા ઠરાવો, પરિપત્રો અને જાહેરનામા પ્રમાણે રહેશે.

૫. તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને તબદીલ થયેલી યોજનાઓને જરૂરીયાત મુજબ ગ્રાન્ટની ફાળવણી જિલ્લા કક્ષાએથી નાયબ નિયામક(વિ.જા.) /

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) દ્વારા કરવામાં આવશે. તબદીલ થયેલી ગરીબ લક્ષી યોજનાઓના સાંગોપાંગ અમલ માટે તાલુકા કક્ષાના સેવા કેન્દ્રો ઉપર તેમની Command, Control, supervision and Accountability તરીકેની ભૂમિકા ચાલુ રહેશે.

૬. તાલુકા સેવા કેન્દ્રો ખાતે તબદીલ થયેલી યોજનાઓ માટે તાલુકા કક્ષાએ કાર્યક્ષમ અને પુરતુ મહેકમ ન ગોઠવાય ત્યાં સુધી, યોજનાઓ ખોરંભે ન પડી જાય અને છેવાડાના ગરીબ લાભાર્થીઓ યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય તે માટે પ્રવર્તમાન અમલીકરણ તંત્રએ અમલ ચાલુ રાખવાનો રહેશે.

૭. તબદીલ થયેલી યોજનાઓના સરળ અમલીકરણમાં વહીવટી, નાણાકીય, મહેકમ કે અન્ય આનુષાંગિક ઉભા થતાં પ્રશ્નો / મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની જવાબદારી નિયામક, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરીશ શેઠ )
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા
વિભાગ,

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચીવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિમર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,

ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- નિયામકશ્રી, નગર પાલિકાઓ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.X
- સચીવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. X
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ.X
- સચીવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર..X
- સર્વે મામલતદારશ્રી, (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સર્વે જિલ્લા વિકસતી જાતિ કલ્યાણ અધિકારીશ્રીઓ(નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સર્વે તાલુકા જનસેવા કેન્દ્રો (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અ, છ, છ.૧, ગ, જ, ક, બજેટ, રોકડ, કોમ્પ્યુટર સેલ શાખાઓ.
- સિલેકટ ફાઇલ.

X પત્ર ધ્વારા.

# આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" યોજના માટે તાલુકાકક્ષાએ અમલ માટે ~~આપી શકાય તે~~વી (આપવાની) યોજનાઓ દર્શાવતુ પત્રક -

૧

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બીસીકે-૭૬ પ્રિ એસએસ સીના વિધાર્થીઓને શિષ્યવૃત્તિ | ➢ વિધાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતિ જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ ધો. ૫ થી ૭ રૂ. ૧૫૦/- વાર્ષિક<br>➢ ધો.૮ થી ૧૦ રૂ. ૩૦૦/- વાર્ષિક | ➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા શિષ્યવૃત્તિની ચુકવણી થાય છે.<br>➢ શિષ્યવૃત્તિની રકમ નાની છે. |
| ૨ | બીસીકે-૨૮૯ અતિપછાત જાતિના ધો .૧ થી ૧૦ના બાળકોને શિષ્યવૃતિ | ➢ વિધાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતિ અને વિચરતી વિમુકત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ ધો. ૧ થી ૪ રૂ.૧૫૦/- વાર્ષિક | ➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા શિષ્યવૃત્તિની ચુકવણી થાય છે.<br>➢ શિષ્યવૃત્તિની રકમ નાની છે. |
| ૩ | બીસીકે-૭૭ ધો .૧ થી ૪ માં ભણતા બક્ષીપંચના વિધાર્થીઓને શિષ્યવૃત્તિ | ➢ વિધાર્થી સા.શૈ.પ.વ. પૈકી અતિપછાત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા રૂ.૪૪૫૦૦/- | ધોરણ / હોસ્ટેલર (માસિક) / ડેસ્કોલર (માસિક)<br>૧ થી ૫ / રૂ. ૨૫/- /<br>૬ થી ૮ / રૂ. ૪૦/- /<br>૯ થી૧૦ / રૂ. ૫૦/- /<br>૩ થી ૮ / / રૂ.૨૦૦/- | ➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા શિષ્યવૃત્તિની ચુકવણી થાય છે.<br>➢ શિષ્યવૃત્તિની રકમ નાની છે. |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | ૯ થી૧૦ — રૂ.૨૫૦/- | |
| ૪ | બીસીકે-૮૨ ઉચ્ચતર માધ્યમિક ધો. ૧૧-૧૨ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ➢ વિદ્યાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ. અને લઘુમતી જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા રૂ.૧૧૦૦૦/- | ધોરણ / હોસ્ટેલર (વાર્ષિક) / ડે સ્કોલર (વાર્ષિક)<br>૧૧ / રૂ.૭૨૫ / રૂ.૪૭૫/-<br>૧૨ / રૂ.૮૪૦ / રૂ.૫૪૦/- | ➢ ધો. ૧૧ - ૧૨ની શાળાઓ સામાન્ય રીતે તાલુકાકક્ષાએ વધારે હોય છે.<br>➢ શિષ્યવૃત્તિની રકમ સામાન્ય હોય છે. |
| ૫ | બીસીકે-૮૩ તકીનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ | ➢ વિદ્યાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ આઇ.ટી.આઇ. રૂ.૨૫૦/- માસિક.<br>➢ વ્યવસાયિક અભ્યાસક માટે રૂ.૧૨૫/- માસિક | ➢ આઇ.ટી.આઇ.ની સંસ્થાઓ તાલુકાકક્ષાએ હોય છે.<br>➢ વ્યવસાયિક અભ્યાસક્રમો પણ તાલુકાકક્ષાએ ચાલતા હોય છે. |
| ૬ | બીસીકે-૮૫ ધો. ૧ થી ૭ માં ભણતા બાળકોને બે જોડ ગણવેશ માટે સહાય | ➢ વિદ્યાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ બે જોડી ગણવેશ માટે રૂ.૨૦૦ રોકડા | ➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા શિષ્યવૃત્તિની ચુકવણી થાય છે.<br>➢ શિષ્યવૃત્તિની રકમ સામાન્ય છે. |
| ૭ | બીસીકે-૯૭ ધો . ૮ માં ભણતી કન્યાઓને સાયકલ સહાય (સરસ્વતી સાધના યોજના ) | ➢ વિદ્યાર્થીની સા.શૈ.પ.વ. /આ.પ.વ. જાતિની હોવી જોઇએ.<br>➢ ગ્રામ્ય વિસ્તારમાં ૨.૫ કી.મી. અને શહેરી વિસ્તારમાં ૩.૦૦ કી.મીમાં આવેલ શાળાએ અપડાઉન કરતી હોવી જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને | ➢ સાયકલ આપવામાં આવે છે. | ➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે.<br>➢ ધો. ૮નો સમાવેશ પ્રાથમિક શાળામાં કરવામાં આવેલ છે. |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | | |
| ૮ | બીસીકે - ૧૦૦ કુટિર ઉદ્યોગો સહિત પરંપરાગત વ્યવસ્થામાં સ્વરોજગારી માટે નાણાંકીય સહાય / બેંકેબલ. | ➢ લાભાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ. અને લઘુમતી જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા બેંકેબલ યોજના - રૂ.૧૫૯૭૬/- ગ્રામ્ય વિસ્તાર અને રૂ.૨૧૨૦૬/- શહેરી વિસ્તાર | ➢ બેંકેબલ યોજના<br>સા.શૈ.પ.વ. રૂ. ૧૦૦૦૦/- સહાય.<br>આ.પ.વ. / લઘુમતી રૂ. ૩૦૦૦/- સહાય. | ➢ ગ્રામ્ય કક્ષાના ગ્રામીણ કારીગરો માટેની યોજના છે.<br>➢ બેંકેબલ યોજના પણ તાલુકા કક્ષાએથી અમલ કરવો જરૂરી છે. |
| ૯ | બીસીકે - ૧૦૧(એ) પછાત વર્ગના ઇસમોને કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય | ➢ લાભાર્થી સા.શૈ.પ.વ. જાતિનો હોવો જોઇએ.<br>➢ લાભાર્થી બી.પી.એલ. હોવો જોઇએ. | ➢ રૂ. ૫૦૦૦/- | ➢ ગ્રામ્ય કક્ષાના ઇસમો કળા કૌશલ્ય સાથે સંકળાયેલા હોય છે. |
| ૧૦ | બીસીકે-૧૧૨ શહેરી વિસ્તારોમાં નાના ઉદ્યોગ સાહસીકોને નાણાંકીય સહાય. | ➢ લાભાર્થી સા.શૈ.પ.વ. જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૪૦૦૦/- | ➢ રૂ. ૬૦૦૦૦/- લોન.<br>➢ રૂ. ૧૫૦૦૦/- સહાય. | ➢ સામાન્ય રીતે લાભાર્થી તાલુકા કક્ષાના હોય છે. |
| ૧૧ | બીસીકે - ૧૧૬ મફત તબીબી સહાય | ➢ દર્દી સા.શૈ.પ.વ. / આ.પ.વ. જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા રૂ.૧૫૯૭૬/- ગ્રામ્ય વિસ્તાર | સ્ત્રીઓને થતા પાડુંરોગ — રૂ. ૧૫૦/-<br>પ્રસુતિ સહીત ગંભીર રોગ માટે — રૂ.૫૦૦/-<br>રકતપિત માટે દદ મટે ત્યાં સુધી માસિક — રૂ.૪૦૦/- | ➢ સામાન્ય રીતે ગ્રામ્ય કક્ષાએ આ યોજનાના લાભાર્થીઓ વધુ પ્રમાણમાં હોય છે. તાલુકા કક્ષાએથી લાભ વધુ ઝડપથી મળે છે. |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ |
| | | રૂ.૨૧૨૦૬/- શહેરી વિસ્તાર | ટી.બી. માટે દર્દ મટે ત્યાં સુધી માસિક | રૂ.૨૫૦/- | |
| | | | કેન્સર માટે દર્દ મટે ત્યાં સુધી માસિક | રૂ.૫૦૦/- | |
| | | | એઇડ્સ માટે માસિક | રૂ.૫૦૦/- | |
| ૧૨ | બીસીકે - ૧૧૯ (૨૯૮) પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ➢ લાભાર્થી સા.શૈ.પ.વ. જાતીનો હોવો જોઇએ.<br>➢ લાભાર્થી ગરીબી રેખાથી નીચેના સમુહની યાદીમાં સમાવિષ્ટ હોવો જોઇએ. | ➢ રૂ. ૪૫૦૦૦/- મકાન સહાય તરીકે આપવામાં આવે છે. | | ➢ ગ્રામ્ય કક્ષાની યોજના છે. ગ્રામ્ય કક્ષાએ વધુ પ્રમાણમાં લાભાર્થીઓ હોય છે.<br>➢ તાલુકાકક્ષાએ લક્ષ્યાંક નક્કી થાય છે.<br>➢ આ જ પ્રકારની મકાન સહાયની ઇન્દીરા આવાસ યોજનાનો અમલ પણ તાલુકા કક્ષાએ થાય છે.<br>ગ્રામ્ય કક્ષા / તાલુકા કક્ષાના લાભાર્થીને તાલુકાએથી જ ઝડપથી લાભ આપી શકાય છે. |
| ૧૩ | બીસીકે - ૧૨૨ મુકરર<br>તાલુકામાં મુકરર કરેલ સામાજિક અને શૈક્ષણિક પછા તવર્ગો માટે ખાસ યોજના | ➢ સા.શૈ.પ.વ.ની ઘનિષ્ઠ અને નોંધપાત્ર વસ્તી ધરાવતો તાલુકો હોવો જોઇએ. | ➢ માળખાકીય સવલતો માટે તાલુકાદીઠ રૂ.૨.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. | | ➢ ખાસ પ્લાનના તાલુકાઓમાં તાલુકાદીઠ સહાય આપવામાં આવે છે.<br>➢ આ યોજના હેઠળ દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારી મારફત જિલ્લા |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | આયોજન મંડળને રજુ થતી હોય છે. |
| ૧૪ | બીસીકે-૧૨૩ કુંવરબાઇના મામેરા માટે નાણાંકીય સહાય | ➢ કન્યા સા.શૈ.પ.વ. / આ.પ.વ. જાતિની હોવી જોઇએ.<br>➢ યુગલ પુખ્ત વયનું હોવું જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા :-<br>ગ્રામ્ય વિસ્તાર રૂ. ૨૦૦૦૦/-<br>શહેરી વિસ્તાર રૂ. ૨૫૦૦૦/- | રૂ.૫૦૦૦/- | ➢ આ યોજનાના લાભાર્થીઓ મોટા ભાગે ગ્રામ્ય કક્ષા / તાલુકાકક્ષાના હોય છે.<br>➢ ગ્રામ્ય કક્ષાના લાભાર્થીને તાલુકાએથી જ ઝડપથી લાભ આપી શકાય છે. |
| ૧૫ | બીસીકે-૧૨૫ સાતફેરા સમુગ્ન લગ્ન માટે નાણાંકીય સહાય | ➢ યુગલ સા.શૈ.પ.વ. જાતિનું હોવું જોઇએ.<br>➢ લગ્ન આયોજક સંસ્થા રજીસ્ટર્ડ હોવી જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા :-<br>ગ્રામ્ય વિસ્તાર રૂ. ૨૦૦૦૦/-<br>શહેરી વિસ્તાર રૂ. ૨૫૦૦૦/- | ➢ યુગલદીઠ રૂ. ૫૦૦૦/- નાં નર્મદા બોન્ડ<br>➢ લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ. ૧૦૦૦/- (વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦) | ➢ ગ્રામ્ય કક્ષા / તાલુકા કક્ષાના લાભાર્થીને તાલુકાએથી જ ઝડપથી લાભ આપી શકાય છે. |
| ૧૬ | બીસીકે-૧૩૬ પૂર્વ એસ.એસ.સી.ના વિધાર્થીઓને શિષ્યવૃત્તિ | ➢ વિધાર્થી વિચરતી વિમુકત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ ધો. ૫ થી ૭ રૂ. ૧૫૦ વાર્ષિક<br>➢ ધો.૮ થી ૧૦ રૂ. ૩૦૦ વાર્ષિક | ➢ શિષ્યવૃત્તિની રકમ નાની છે.<br>➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા મંજૂર કરવામાં આવે છે. |
| ૧૭ | બીસીકે-૧૩૯ તકનીકી | ➢ વિધાર્થી વિચરતી વિમુકત જાતિનો | ➢ આઇ.ટી.આઇ. રૂ.૨૫૦/- માસિક. | ➢ આઇ.ટી.આઇ.ની સંસ્થાઓ |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે શિષ્ યવૃત્તિ | હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ વ્યવસાયિક અભ્યાસક્ર માટે રૂ.૧૨૫/- માસિક | તાલુકાકક્ષાએ વધારે હોય છે.<br>➢ વ્યવસાયિક અભ્યાસક્રમો પણ તાલુકાકક્ષાએ ચાલતા હોય છે. |
| ૧૮ | બીસીકે-૧૪૦ ધો .૧ થી ૭ માં ભણતા બાળકોને બે જોડ ગણવેશ માટે સહાય | ➢ વિધાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી અથવા વિચરતી વિમુકત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર બંને માટે રૂ. ૨૫૦૦૦/- | ➢ બે જોડી ગણવેશ માટે રૂ.૨૦૦ રોકડા | ➢ શિષ્યવૃત્તિની રકમ્ નાની છે.<br>➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા મંજૂર કરવામાં આવે છે. |
| ૧૯ | બીસીકે-૧૪૧ ધો .૧ થી ૭ માં ભણતા અતિપછાત જાતિના બાળકોને બાળકોને ખાસ પ્રોત્સાહક શિષ્ યવૃત્તિ | ➢ વિધાર્થી વિચરતી વિમુકત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા નથી. | ➢ કુમારને રૂ.૪૫૦/- વાર્ષિક<br>➢ કન્યાને રૂ.૬૦૦/- વાર્ષિક | ➢ શિષ્યવૃત્તિની રકમ નાની છે.<br>➢ ગ્રામ્ય કક્ષાની શાળાઓની દરખાસ્તો તાલુકા મારફત મેળવવામાં આવે છે અને તેના ધ્વારા મંજૂર કરવામાં આવે છે. |
| ૨૦ | બીસીકે-૧૪૬ સ્વરોજગારી માટેની માનવ ગરીમા યોજના | ➢ લાભાર્થી સા.શૈ.પ.વ., આ.પ.વ., લઘુમતી અને વિ.વિમુકત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર | ➢ નાના પાયાના સ્વરોજગારીના ધંધાઓ માટે રોજગારીના સાધનો (કીટ્સ) આપવામાં આવે છે. | ➢ ગ્રામ્ય કક્ષાના ગ્રામીણ કારીગરો માટેની યોજના છે.<br>➢ તાલુકાકક્ષાએથી લાભ ઝડપથી મળે છે. |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ |
| | | રૂ.૨૫૦૦૦/- શહેરી વિસ્તાર | | | |
| ૨૧ | બીસીકે - ૧૪૯ મફત તબીબી સહાય | ➢ દર્દી વિચરતી વિમુકત જાતિનો હોવો જોઇએ.<br>➢ વાર્ષિક આવક મર્યાદા<br>રૂ.૧૫૯૭૬/- ગ્રામ્ય વિસ્તાર<br>રૂ.૨૧૨૦૬/- શહેરી વિસ્તાર | સ્ત્રીઓને થતા પાડુંરોગ | રૂ. ૧૫૦/- | સામાન્ય રીતે ગ્રામ્ય કક્ષાએ આ યોજનાના લાભાર્થીઓ વધુ પ્રમાણમાં હોય છે. તાલુકા કક્ષાએથી લાભ વધુ ઝડપથી મળે છે. |
| | | | પ્રસૃતિ સહીત ગંભીર રોગ માટે | રૂ.૫૦૦/- | |
| | | | રકતપિત માટે દર્દ મટે ત્યાં સુધી માસિક | રૂ.૪૦૦/- | |
| | | | ટી.બી. માટે દર્દ મટે ત્યાં સુધી માસિક | રૂ.૨૫૦/- | |
| | | | કેન્સર માટે દર્દ મટે ત્યાં સુધી માસિક | રૂ.૫૦૦/- | |
| | | | એઇડ્સ માટે માસિક | રૂ.૫૦૦/- | |
| ૨૨ | બીસીકે - ૧૫૧<br>પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ➢ લાભાર્થી વિચરતી વિમુકત જાતીનો હોવો જોઇએ.<br>➢ લાભાર્થી ગરીબી રેખાથી નીચેના સમુહની યાદીમાં સમાવિષ્ટ હોવો જોઇએ. | ➢ રૂ. ૪૫૦૦૦/- મકાન સહાય તરીકે આપવામાં આવે છે. | | ➢ ગ્રામ્ય કક્ષાની યોજના છે. ગ્રામ્ય કક્ષાએ વધુ પ્રમાણમાં લાભાર્થીઓ હોય છે.<br>➢ તાલુકાકક્ષાએ લક્ષ્યાંક નક્કી થાય છે.<br>➢ આ જ પ્રકારની મકાન સહાયની ઇન્દીરા આવાસ યોજનાનો અમલ પણ તાલુકા કક્ષાએ થાય છે.<br>ગ્રામ્ય કક્ષા / તાલુકા કક્ષાના લાભાર્થીને તાલુકાએથી જ ઝડપથી લાભ આપી |

| ક્રમ | યોજનાનું નામ | પાત્રતાના માપદંડો | સહાયનું ધોરણ | તાલુકા કક્ષાએ ફાળવણીના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | શકાય છે. |

નોંધ :- ઉપર દર્શાવેલ તમામ યોજનાના અમલની કામગીરી ગ્રામ્ય કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી, શહેરી વિસ્તાર (નગર પાલીકા વિસ્તારમાં) મામલતદાર જ્યારે મહાનગર પાલીકા વિસ્તારમાં જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) કરશે.